સમાધાન નહીં કરો તો ખોટા કેસમાં ફસાવી દઈશું’

ફ્લેટ વિવાદમાં ઉધના D-સ્ટાફ સામે ગંભીર આક્ષેપો

રાત્રે મહિલા પોલીસ વિના ઘરે પહોંચી મહિલા સાથે અશ્લીલ વર્તન કર્યાની ગૃહમંત્રી સમક્ષ લેખિત ફરિયાદ

સુરતઃ ઉધના પોલીસ સ્ટેશનના D-સ્ટાફના PSI ઓ.એમ. કે. ઈસરાણી સહિતના પોલીસ કર્મચારીઓની કામગીરી સામે ગંભીર આક્ષેપો કરતી લેખિત રજૂઆત રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી સમક્ષ કરવામાં આવી છે. ફ્લેટના કબજાના વિવાદમાં સમાધાન કરવા દબાણ, ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી તથા મોડી રાત્રે મહિલા પોલીસની હાજરી વિના ઘરે પહોંચી મહિલાની છેડછાડ કર્યાના આક્ષેપોએ પોલીસ તંત્રની કામગીરી સામે સવાલો ઊભા કર્યા છે.

ઉધનાના બ્રિજહાઈટ્સ એપાર્ટમેન્ટમાં રહેતા સુરેશ કિશન શેટ્ટીએ કરેલી રજૂઆત મુજબ, અંબર કોલોની સ્થિત તેમના ફ્લેટ પર એઝાજ જબ્બાર ચૌહાણ નામના ઇસમે કબજો કરવાનો પ્રયાસ કર્યો હતો અને આ મામલો કોર્ટમાં પેન્ડિંગ છે. તેમ છતાં વિવાદમાં સમાધાન કરાવવા માટે ઉધના D-સ્ટાફ દ્વારા સતત દબાણ કરવામાં આવતું હોવાનો આક્ષેપ અરજીમાં કરાયો છે.

અરજદારના દાવા મુજબ, તા.3 જૂનના રોજ તેમની ગેરહાજરીમાં D-સ્ટાફના કર્મચારીઓ રાત્રે તેમના ઘરે પહોંચી પત્નીને સમાધાન કરવા માટે દબાણ કર્યું હતું. ત્યારબાદ તા.4 જૂનની મોડી રાત્રે આશરે 1:30 વાગ્યે પોલીસ કર્મચારીઓ કથિત રીતે નશાની હાલતમાં ઘરે આવ્યા હતા અને બળજબરી કરવાનો પ્રયાસ કર્યો હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.તા.5 જૂને અરજદારને પોલીસ સ્ટેશન બોલાવી સામાવાળા એઝાજની હાજરીમાં ‘સમાધાન નહીં કરો તો ખોટા કેસમાં ફસાવી દઈશું’ તેવી ધમકી આપવામાં આવી હોવાનો દાવો અરજીમાં કરવામાં આવ્યો છે.

અરજીમાં સૌથી ગંભીર આક્ષેપ એવો છે કે ઝોન-2માં રજૂઆત કર્યાના બીજા જ દિવસે, તા.9 જૂનની મોડી રાત્રે આશરે 1:30 વાગ્યે D-સ્ટાફના કર્મચારીઓ મહિલા પોલીસની હાજરી વિના અરજદારના ઘરે પહોંચ્યા હતા. દરવાજો બળજબરીથી ખોલાવી અરજદારની પત્નીનો હાથ ખેંચી અશ્લીલ વર્તન કર્યું અને પરિવારના સભ્યોને રાત્રે પોલીસ સ્ટેશન લઈ જઈ બેસાડી રાખ્યા હોવાનો આક્ષેપ કરાયો છે.

અરજદારે સમગ્ર ઘટનાના વીડિયો અને ફોટોગ્રાફ્સ પોતાની પાસે હોવાનો દાવો કર્યો છે. આ મામલે સુરત પોલીસ કમિશનર, DGP અને મુખ્યમંત્રી સમક્ષ પણ રજૂઆત કરી હોવા છતાં સંતોષકારક કાર્યવાહી ન થતાં આખરે ગૃહમંત્રી સમક્ષ લેખિત ફરિયાદ કરવામાં આવી છે. અરજદારે આક્ષેપોની નિષ્પક્ષ તપાસ કરાવી દોષિત પોલીસ કર્મચારીઓ સામે ગુનો નોંધી કડક કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે.

ડિંડોલીમાં શ્રાવણ માટેના કાર્યક્રમના સ્ટેજ પર અશ્લિલ ડાન્સ શરૂ થઈ ગયો

ભોજપુરી ગીત પર અશ્લિલ ડાન્સ શરુ થઇ ભક્તોમાં આક્રોશ ફેલાયો

વિરોધના કારણે કાર્યક્રમ અધવચ્ચે બંધ કરવો પડ્યો, આયોજકોએ હાથ જોડી માફી માંગી

સુરતઃ પવિત્ર શ્રાવણ માસ દરમિયાન ડિંડોલી વિસ્તારમાં આયોજિત એક ધાર્મિક કાર્યક્રમમાં મંચ પરથી અચાનક અશ્લીલ ડાન્સ પીરસવામાં આવતાં સ્થાનિકોમાં આક્રોશ ફેલાયો હતો. જેના પરિણામે આયોજકોએ જાહેરમાં કાન પકડીને બે હાથ જોડી માફી માગવાની નોબત આવી હતી.

મળતી વિગતો મુજબ ડિંડોલી સ્થિત પ્રમુખ પાર્ક બ્રિજ નીચે પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે વિશેષ ધાર્મિક ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉત્તર ભારતીય સમુદાયની મોટી વસતી ધરાવતા આ વિસ્તારમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ, મહિલાઓ અને બાળકો ભક્તિભાવપૂર્વક ભગવાન શિવની આરાધના માટે એકઠા થયા હતા. પરંતુ, કાર્યક્રમ પૂર્ણતા તરફ જાય તે પહેલાં જ ભક્તિગીતોના બદલે સ્ટેજ પરથી મોટેથી અશ્લીલ ભોજપુરી ગીતો વાગવાનું શરૂ થઈ ગયું હતું. આટલું જ નહીં, આમંત્રિત કલાકારો દ્વારા ધાર્મિક મંચની ગરિમા લજવાય તે રીતે અત્યંત અશ્લીલ અને નિર્લજ્જ નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું.પવિત્ર માસમાં મંચ પરથી ખુલ્લેઆમ પીરસાયેલી આ અશ્લીલતા જોઈને ત્યાં હાજર ભક્તોનો પિત્તો ગયો હતો. ધાર્મિક લાગણી દુભાતાં શ્રદ્ધાળુઓ અને રહીશોએ સ્થળ પર જ સખત વિરોધ નોંધાવી ભારે હોબાળો મચાવ્યો હતો. સ્થિતિ વધુ વણસે તે પહેલાં જ આયોજકોએ તાત્કાલિક અસરથી કલાકારોના પરફોર્મન્સ અટકાવી દીધા હતા અને સ્ટેજ પરથી જ જાહેરમાં શ્રદ્ધાળુઓ તથા સ્થાનિક જનતા સમક્ષ ક્ષમાયાચના કરી હતી.

રાખડી સાથે બહેન રાહ જોતી રહી, ભાઈ હર્ષ ઘરે ન આવ્યો !

રક્ષાબંધન પર બે દિવસની રજા લઈને ઘરે આવવાનો હતો, એકના એક ભાઈને રાખડી બાંધવા બહેને રાખડી પણ ખરીદી હતી

સુરત : નવી સિવિલ હોસ્પિટલના ડોક્ટર હર્ષ પંડ્યાના આપઘાત કેસમાં પરિવારની હૃદયદ્રાવક વિગતો સામે આવી રહી છે. પરિવારજનોના જણાવ્યા મુજબ આપઘાતના થોડા સમય પહેલા જ હર્ષ સાથે પરિવારની વાતચીત થઈ હતી. આ વાતચીત દરમિયાન રક્ષાબંધન નિમિત્તે બે દિવસની વધારાની રજા લઈને ઘરે આવવા માટે પરિવારજનોએ તેને કહ્યું હતું. ફેબ્રુઆરી મહિનામાં હર્ષે સુરત નવી સિવિલ હોસ્પિટલમાં એડમિશન લીધું હતું. ત્યારબાદથી તે ઘરે પરત ગયો નહોતો. લાંબા સમય બાદ રક્ષાબંધનના પર્વે પરિવાર સાથે સમય વિતાવવાની આશાએ પરિવારજનો પણ હર્ષની રાહ જોઈ રહ્યા હતા. એકના એક ભાઈ હર્ષના કાંડા પર રાખડી બાંધવા માટે બહેને ઉત્સાહપૂર્વક રાખડી પણ ખરીદી લીધી હતી. મનમાં અનેક આશાઓ સાથે તે ભાઈની રાહ જોઈ રહી હતી. પરંતુ પરિવારની આ ખુશી એક ક્ષણમાં માતમમાં ફેરવાઈ ગઈ હતી. હર્ષના પરિવારજનો હવે સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસ થાય અને હર્ષે કયા સંજોગોમાં આ અંતિમ પગલું ભર્યું તેની સંપૂર્ણ હકીકત બહાર આવે તેવી માંગ કરી રહ્યા છે.

હર્ષ અંદરથી કેટલો તૂટી ગયો હતો તેની પરિવારને ખબર જ ન પડી

હર્ષના પિતા પોતે ક્લાસ-1 સરકારી ડોક્ટર તરીકે સેવા આપી નિવૃત્ત થયા હતા. સરકારી મેડિકલ કોલેજો અને હોસ્પિટલની કામગીરી તથા ત્યાં PG દરમિયાન આવતી મુશ્કેલીઓથી તેઓ સારી રીતે પરિચિત હતા. તેથી જ હર્ષે પોસ્ટ ગ્રેજ્યુએશનમાં પ્રવેશ લીધો ત્યારે પિતાએ તેને પહેલેથી જ સમજાવ્યું હતું કે,સરકારી હોસ્પિટલના PG અભ્યાસ દરમિયાન મહેનત, દબાણ અને અનેક પડકારોનો સામનો કરવો પડશે. હર્ષ પણ પિતાની વાતને સમજીને આગળ વધતો રહ્યો હતો. પરિવારનું કહેવું છે કે જો હર્ષે એક વખત પણ પોતાની વાસ્તવિક સ્થિતિ અંગે તેમને જાણ કરી હોત, તો કદાચ તેઓ કોઈ વૈકલ્પિક રસ્તો શોધી શક્યા હોત. પોસ્ટ ગ્રેજ્યુએશન છોડી દેવું પડે, કોલેજ કે હોસ્પિટલ બદલવી પડે કે અભ્યાસમાં વિરામ લેવો પડે, પરિવાર માટે દીકરાનું જીવન સૌથી મહત્ત્વ હતું. પરિવારે સસ્પેન્ડ કરાયેલા ડોક્ટરો અંગે કહ્યું કે, “માણસના નામે રાક્ષસ છે.” રેગિંગ જેવી ગંભીર બાબતમાં જવાબદાર સાબિત થનારા લોકોના નામ પર ‘લાલ નિશાન’ હોવું જોઈએ અને તેઓના નામના ભવિષ્યમાં કોઈ હોસ્પિટલ કે દવાખાનાં હોવા જોઈએ નહીં. તો જ હર્ષને સાચી શ્રદ્ધાંજલિ મળશે.

‘સૂચના આપવી રેગિંગ નથી, તમામ આરોપો પાયાવિહોણા છે’

રેગિંગ કેસમાં આરોપી ડો. અનુજ મહેશ્વરી અને ડો.દિક્ષીતા ગેવારીયાનું નિવેદન લેવામાં આવ્યું

સુરતઃ સુરત મેડિકલ કોલેજના પીજી ફર્સ્ટ યરના રેસિડેન્ટ ડોક્ટર હર્ષ પંડ્યાના આપઘાત મામલે નોંધાયેલા રેગિંગના ગુનામાં આરોપી સિનિયર ડોક્ટર અનુજ મહેશ્વરી ખટોદરા પોલીસ સમક્ષ હાજર થયા હતા. પોલીસે પાઠવેલી નોટિસના પગલે પોલીસ મથકે પહોંચેલા ડો. અનુજનું તપાસ અધિકારીએ ત્રણ કલાક પૂછપરછ કરી તેનું નિવેદન નોંધ્યું હતું. પોલીસ સમક્ષ હાજરી બાદ મીડિયા સાથેની વાતચીતમાં તેમણે પોતાની સામેના તમામ આરોપોને પાયાવિહોણા ગણાવી રેગિંગ થયું જ ન હોવાનો દાવો કર્યો હતો.

પોલીસે ડો. અનુજ મહેશ્વરી અને ડો. દિક્ષીતાની ત્રણ કલાક પૂછપરછ કરી હતી. જેમાં વિદ્યાર્થીઓને કઈ રીતે અપમાનિત કરતા? કેવી રીતે હેરાનગતિ કરતા? કેવી સૂચના આપતા? જેવા ઢગલાબંધ સવાલો પુછ્યા હતા. પુછપરછમાં ડો. અનુજ મહેશ્વરીએ નિવેદન આપ્યું હતું કે, કોઈ હર્ષ પંડ્યાને દબાણ કરતું ન હતું, કામગીરીને લઈ જે સૂચનો કરવાના હતા તે જ અમે કરતા હતા. અમે પણ જુનિયર હતા ત્યારે અમને જે પ્રકારે સૂચના આપતા તેવી જ સૂચનાઓ આપવામાં આવતી હતી. અન્ય કોઈ હેરાનગતિ હતી નહીં અને અન્ય કોઈ કારણ હર્ષે આત્મહત્યા કરી હોવાનું જણાવ્યું હતું.તેમણે જણાવ્યું હતું કે, રેગિંગના તમામ આરોપો પાયાવિહોણા છે અને તેમણે ક્યારેય રેગિંગ કરી નથી.

ચાની લારી પર ફાયરિંગ કરનાર બિલ્ડર ઝડપાયો

લસકાણામાં બિલ્ડરે હવામાં બે રાઉન્ડ ફાયરિંગ કરી રોફ જમાવ્યો હતો

CCTVમાં કેદ થયેલી ઘટનામાં ગણતરીના કલાકોમાં ઝડપાયો

સુરત : લસકાણા વિસ્તારમાં ચા-પાનના ગલ્લા પર નશાની હાલતમાં આવી રિવોલ્વરથી હવામાં બે રાઉન્ડ ફાયરિંગ કરી દહેશત ફેલાવનાર બિલ્ડરને લસકાણા પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યો છે. ગલ્લા સંચાલક અને તેના મિત્રો સાથે મજાક કરવાની ના પાડતાં આરોપી રોષે ભરાયો હતો અને થોડા સમય બાદ નશાની હાલતમાં રિવોલ્વર લઈને પરત આવ્યો હતો. ગલ્લાની અંદર ફાયરિંગનો પ્રયાસ મિસફાયર થતાં બહાર આવી તેણે હવામાં બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. સમગ્ર ઘટનાના CCTV ફૂટેજ પણ પોલીસને મળ્યા છે.

મોટા વરાછા ખાતે રહેતા કેવલભાઈ પ્રવિણભાઈ માંગુકીયા વાલક પાટિયા આઉટર રિંગ રોડ પર ‘મોગલ ટી એન્ડ પાન’ નામનો ગલ્લો ચલાવે છે. ગત વહેલી સવારે આશરે ૨:૩૦ વાગ્યાના અરસામાં તેઓ મિત્રો સાથે ગલ્લા પર બેઠા હતા. તે સમયે મૂળ રાજકોટના મવડી અને હાલ સરથાણા અયોધ્યા ચોક સ્થિત યુનિટી ટાવરમાં રહેતો બિલ્ડર આશિષ ધનજીભાઈ સાકરીયા પોતાની i-20 કાર નં. GJ-03-PR-4938 લઈને ગલ્લા પર આવ્યો હતો.

આશિષે પાણીની બોટલ લીધા બાદ કેવલભાઈ ચા બનાવી રહ્યા હતા ત્યારે તેમની સાથે બિનજરૂરી મજાક-મસ્તી શરૂ કરી હતી. ગલ્લા સંચાલકે મજાક કરવાની ના પાડતાં આશિષ ત્યાંથી ચાલ્યો ગયો હતો. જોકે થોડા સમય બાદ તે નશાની હાલતમાં હાથમાં રિવોલ્વર લઈને ગલ્લા પર પરત ફર્યો હતો. તેણે ગલ્લા પર બેઠેલા યુવકોને રિવોલ્વર બતાવી રોફ જમાવવાનો પ્રયાસ કર્યો હતો.

આરોપીએ ગલ્લાની અંદર રિવોલ્વર નીચે જમીન તરફ રાખીને ફાયરિંગ કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે ગોળી છૂટી નહીં અને મિસફાયર થતાં ગલ્લા પર બેઠેલા યુવકો ગભરાઈને બહાર દોડી આવ્યા હતા. ત્યારબાદ આશિષે ગલ્લાની બહાર આવી લોકોમાં દહેશત ફેલાવવાના ઈરાદે હવામાં બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. ફાયરિંગ કર્યા બાદ તે પોતાની કાર લઈને એકલારા સર્કલ તરફ ફરાર થઈ ગયો હતો.

બનાવની જાણ થતાં લસકાણા પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ શરૂ કરી હતી. પોલીસની સર્વેલન્સ ટીમે બાતમીના આધારે ગણતરીના કલાકોમાં આશિષ સાકરીયાને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની પાસેથી ફાયરિંગમાં વપરાયેલી એક રિવોલ્વર તથા બે ફૂટેલા કારતૂસ કબજે કર્યા છે.

૨૦૧૭માં રાજકોટથી મેળવ્યું હતું રિવોલ્વરનું લાયસન્સ

પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપી મૂળ રાજકોટ-મોરબીનો છે અને વર્ષ ૨૦૧૭માં રાજકોટ ખાતે આર.સી. આંગડિયા પેઢીની બ્રાન્ચ ચલાવતો હતો. તે સમયે તેણે ઓલ ગુજરાત પરમીટ સાથે રિવોલ્વરનું લાયસન્સ મેળવ્યું હતું. ત્યારબાદ સુરતમાં વેપાર-ધંધા માટે આવતાં તે રિવોલ્વર પોતાની સાથે લાવતો હતો.

સિટીલાઇટ રોડના શ્રીજીના આગમનમાં ભાગળ જેવી ભીડ

શહેરના કોઇપણ ખૂણામાં ગણપતિનું આગમન થાય ત્યારે હડડેઠઠ ભીડ જોવા મળે છે. હવે માત્ર કોટ વિસ્તાર જ નહીં સિટીલાઇટ જેવા પોશ એરિયામાં પણ શ્રીજીના આગમન વખતે હજારો લોકો ઉમટી પડ્યા હતાં. **(તસવીર : હેમંત ડેરે)**

ફ્રોડ અને બોગસ બિલિંગમાં 5000થી વધુને શો કોઝ નોટિસ

૩૧ ઓગસ્ટની અંતિમ તારીખ બાદ વ્યાજ અને દંડ સાથે વસૂલાત કરાશે

સુરત : કરચોરી, ફ્રોડ અને બોગસ બિલિંગના કિસ્સાઓમાં સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા રાજ્યભરમાં સઘન અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. વિભાગ દ્વારા કરચોરી કરનાર તત્વો સામે કડક રૂપે સકંજો કસવા માટે ૫,૦૦૦થી વધુ વેપારીઓ અને શંકાસ્પદ ઈસમોને શો કોઝ નોટિસ બજાવવામાં આવી રહી છે.

જીએસટી કાયદાની જોગવાઈઓ મુજબ, ગેરરીતિ આચરનાર અથવા બોગસ બિલિંગ દ્વારા સરકારને આર્થિક નુકસાન પહોંચાડનારાઓ સામે કલમ ૭૩ અને કલમ ૭૪ અંતર્ગત કાયદેસરની નોટિસો આપવામાં આવી રહી છે. વિભાગના જણાવ્યા અનુસાર, આ મામલે કાનૂની પ્રક્રિયા પૂર્ણ કરવાની અને નોટિસોનો જવાબ આપવાની ૩૧ ઓગસ્ટ આખરી મુદ્દત છે. સમયમર્યાદા નજીક આવતા જ ડિપાર્ટમેન્ટ દ્વારા ચીટરો અને કરચોરોને શોધીને નોટિસ બજાવવાની ગતિ વધુ ઝડપી બનાવવામાં આવી છે.

જીએસટી વિભાગના અધિકારીઓના મતે, જે લોકોએ બોગસ બિલિંગ અથવા ફ્રોડ દ્વારા ખોટી વેરાશાખ (ITC) મેળવી છે કે ટેક્સની ચોરી કરી છે, તેવા તમામ લોકો સામે હવે કાયદાકીય કાર્યવાહી અનિવાર્ય બનશે. ૩૧ ઓગસ્ટની અંતિમ તારીખ બાદ આ તમામ કિસ્સાઓમાં વ્યાજ અને દંડ સાથેની વસૂલાત તેમજ ફોજદારી કે કાનૂની પગલાં લેવામાં આવશે. ડિપાર્ટમેન્ટની આ કડક કાર્યવાહીથી વેપારી આલમમાં મોટો ફફડાટ ફેલાયો છે.

દુબઈથી નેપાળ બોર્ડર વટાવી સુરત પહોંચેલો સાયબર માફિયા ઝડપાયો

31.36 કરોડના શંકાસ્પદ વ્યવહારો અને રૂપિયા 4.80 કરોડની ‘ડાયમંડ હાઇસ્ટ’માં સંડોવણી

સુરત : સાયબર ક્રાઈમ સેલે છેલ્લા એક વર્ષથી ફરાર રહેલા અને સાયબર ફ્રોડના ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા નિતીન ઉર્ફે કાનો પ્રભુભાઈ વડચક દુબઇથી નેપાળ મારફતે ભારતમાં આવતા જ ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. આરોપી સામે રૂપિયા 42.28 લાખના ઇન્વેસ્ટમેન્ટ સાયબર ફ્રોડ ઉપરાંત રૂપિયા 4.80 કરોડની ચકચારી ‘ડાયમંડ હાઇસ્ટ’ના ગુનામાં સંડોવણી સામે આવી છે. આરોપી બેંક મેનેજરોની મદદથી મની મ્યુલ એકાઉન્ટની કીટો મેળવી ટેલિગ્રામ મારફતે ચાઈનીઝ સાયબર માફિયાઓ સુધી પહોંચાડતો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. ગુનો આચર્યા બાદ નિતીન દુબઈમાં છુપાઈ ગયો હતો.

ચાની લારીથી ફોરેક્સ ટ્રેડિંગ સુધીની સફર

ધોરણ-12 સુધી અભ્યાસ કરેલો નિતીન શરૂઆતમાં સાડીના જોબવર્કના વ્યવસાય સાથે સંકળાયેલો હતો. ત્યારબાદ સુરતમાં ‘મટુલી ટી-સ્ટોલ’ નામે ચા-નાસ્તાની હોટલ શરૂ કરી હતી. દુબઈમાં હોટલ શરૂ કરવાની ઈચ્છા સાથે તે દુબઈ ગયો હતો, પરંતુ પૂરતા નાણાંની વ્યવસ્થા ન થતાં પરત ફર્યો હતો. જોકે બાદમાં ફરી દુબઈ પહોંચ્યો હતો અને ત્યાં ફોરેક્સ ટ્રેડિંગના વ્યવસાયની આડમાં આંતરરાષ્ટ્રીય સાયબર માફિયાઓ તથા આર્થિક ગુનાખોરીના નેટવર્ક સાથે જોડાયો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

દુબઈથી બે કિંમતી હીરા સુરત લાવ્યો હતો

સાયબર ફ્રોડ ઉપરાંત સુરત ઈકો સેલમાં નોંધાયેલા રૂપિયા 4.80 કરોડના હીરાની છેતરપિંડીના ચકચારી કેસમાં પણ નિતીનની સીધી સંડોવણી સામે આવી છે. આરોપીએ બોગસ ઓળખ અને ઓનલાઈન પોર્ટલનો ઉપયોગ કરી હીરાના વેપારીઓ સાથે કરોડોની છેતરપિંડી આચરી હતી. નિતીન દુબઈથી બે કિંમતી હીરા સુરત લાવ્યો હતો અને અન્ય સાગરીતોને સોંપ્યા બાદ ફરાર થઈ ગયો હતો.

બેંક મેનેજરને કમિશન આપી મ્યુલ એકાઉન્ટની કીટ મેળવતો

સાયબર ફ્રોડના ગુનામાં અગાઉ ઝડપાયેલા એક બેંક મેનેજર સાથે નિતીન સીધા સંપર્કમાં હતો. બેંક મેનેજરને રૂપિયા 1.20 લાખ કમિશન આપવાનું નક્કી કરી રૂપિયા 60 હજાર એડવાન્સમાં આપ્યા બાદ મની મ્યુલ બેંક એકાઉન્ટની કીટો મેળવતો હતો. ત્યારબાદ આ કીટો ટેલિગ્રામ મારફતે ચાઈનીઝ સાયબર માફિયાઓ સુધી પહોંચાડવામાં આવતી હતી. પોલીસની તપાસમાં આવા 46 મની મ્યુલ એકાઉન્ટમાંથી રૂપિયા 31.36 કરોડના શંકાસ્પદ વ્યવહારો સામે આવ્યા છે. આ વ્યવહારોને લઈને દેશભરમાં 227 ફરિયાદો નોંધાયેલી હોવાનું પણ તપાસમાં બહાર આવ્યું છે.